# ભરૂચમાં ચૈતર વસાવાના ગઢમાં ઊંચા મતદાન પર સૌની નજર

**ડેડિયાપાડામાં** 83.94 ટકા મતદાન નોંધાયું જોકે ગઇ ચૂંટણીમાં 85.01 ટકા મતદાન નોંધાયું હતું

**ઝગડિયામાં** ઊંચુ મતદાન છોટુ વસાવાના પક્ષમાં જાય તો ચૈતર વસાવાને નુકસાન

### ભરૂચ લોકસભા બેઠકની સ્થિતિ

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| કરજણ | 1,44,266 | 73.52 | 67.04 |
| ડેડિયાપાડા | 1,89,490 | 85.01 | 83.94 |
| જંબુસર | 1,59,453 | 68.38 | 65.42 |
| વાગરા | 1,51,646 | 72.07 | 67.52 |
| ઝઘડિયા | 2,01,030 | 80.12 | 77.36 |
| ભરૂચ | 1,80,044 | 66.05 | 71.57 |
| અંકલેશ્વર | 1,65,542 | 69.07 | 64.74 |

### ભરૂચ બેઠક




મનસુખ વસાવા | ચૈતર વસાવા

| | |
|---|---|
| ગઈ ચૂંટણીના વિજેતા: | મનસુખ વસાવા |
| મતની સરસાઈ: | 3,34,214 |
| કુલ મતદાર: | 17,18,794 |
| કુલ ઉમેદવાર: | 13 |

બનાસકાંઠા બાદ આ ચૂંટણીમાં ભરૂચ લોકસભા સીટ ઘણી ચર્ચામાં રહી. કારણ કે ભરૂચમાં ભાજપે સાતમી વખત સાંસદ મનસુખ વસાવાને ટિકિટ આપી તો સામે I.N.D.I.A ગઠબંધનના ઉમેદવાર તરીકે આમ આદમી પાર્ટીના નેતા અને ડેડિયાપાડાથી ધારાસભ્ય ચૈતર વસાવા ચૂંટણી લડ્યા છે. લોકસભાના ઉમેદવાર જાહેર થયા એ પહેલાંથી જ ચૈતર વસાવા અને મનસુખ વસાવા વચ્ચે રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપ હેડલાઈન્સ બનતા જ રહ્યા હતા. એમાં પણ પછી જ્યારે કેજરીવાલે ગઠબંધનની સત્તાવાર જાહેરાત પહેલાં જ ચૈતર વસાવાને ભરૂચના ઉમેદવાર જાહેર કરી દીધા ત્યારથી ચૂંટણી રસપ્રદ બની ગઈ.એક તરફ મનસુખ વસાવાનો રાજકારણમાં લગભગ ચાર દસકાનો અનુભવ, બીજી તરફ યુવા નેતા ચૈતર વસાવાનો જોશ અહીં કેન્દ્ર સ્થાને રહ્યો હતો. મતદાનની છેલ્લી મિનિટો સુધી આ રાજકીય ટક્કર ચર્ચાના કેન્દ્રમાં રહી છે. ભરૂચમાં સવારે 9 વાગ્યા સુધીમાં 10.78 ટકા મતદાન થયું હતું. એટલે કે બાકીની બેઠકોની સાપેક્ષમાં સામાન્ય હતું. પણ સૂર્ય જેમ મધ્યાહને પહોંચ્યો એમ મતદાનની ટકાવારી પણ વધવા લાગી. 6 વાગ્યા સુધીમાં મળેલા આંકડા પ્રમાણે ભરૂચ લોકસભા મતવિસ્તારમાં 64 ટકાથી વધુ મતદાન થયું. જેમાં વિધાનસભાની દૃષ્ટિએ જોઈએ તો સૌથી વધુ મતદાન દેડિયાપાડામાં 83 ટકાથી પણ વધુ થયું. આ જ બેઠકથી ચૈતર વસાવા ધારાસભ્ય છે. ભરૂચમાં પણ બે દિગ્ગજ નેતાઓએ ચૂંટણી પ્રચાર કર્યો. કેજરીવાલ તો લીકર કેસમાં જેલમાં કેદ છે. એટલે ચૈતર વસાવા માટે પ્રચાર કરવા પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આવ્યા હતા. ભાજપ તરફથી અમિત શાહે ઝઘડિયા પહોંચીને મનસુખ વસાવા માટે પ્રચાર કર્યો હતો. ભરૂચ વિધાનસભાની વાત કરીએ તો અહીં અહીં ભરૂચ અહીં કુલ સાત વિધાનસભા બેઠકનો સમાવેશ થાય છે. 2022ની ચૂંટણીમાં અહીં યોજાયેલી વિધાનસભામાં કરજણમાં 1,18,444, ડેડિયાપાડામાં 1,25,311, જંબુસર 1,43,381,વાગરામાં 1,24,312, ઝગડિયા 1, 43, 311, ભરૂચમાં 1,96, 486 અને અંકલેશ્વર 1,53,529માં મતદારોએ મતદાન કર્યું હતું. તો તેની સામે તો તેની સામે આ લોકસભાની ચૂંટણીમાં કરજણમાં 1,44,672 મતદાઓએ મતદાન કર્યું છે અને આ વિધાનસભામાં 83.94 ટકા જેટલું ઊંચુ મતદાન રહ્યું છે અને ડેડિયાપાડમાંને આમ આદમી પાર્ટીના ઉમેદવાર ચૈતર વસાવાનો ગઢ માનવામાં આવે છે. આ મતો આપને મળ્યા હોવાનું માનવામાં આવે છે. ગઈ ચૂંટણીમાં તેમણે અહીંથી 50 હજાર મતની સરસાઈ મેળવી હતી. મતદારનું મતદાન નોંધાયું હતું. આ લોકસભા બેઠક ઉપર કુલ 69.16 ટકા મતદાન નોંધાયું છે. જ્યારે ગઈ લોકસભાની 2019ની ચૂંટણીમાં અહીં 69.07 ટકા મતદાન નોંધાયું છે. એટલે કે મતદાનની ટકાવારીમાં કોઈ મોટો ફેર પડ્યો નથી પરંતુ આ અઢી વર્ષના સમયગાળા દરમિયાન આમ આદમી પાર્ટીના ચૈતર વસાવાની લોકપ્રિયતામાં ખાસ્સો વધારો થયો છે. આ ઉપરાંત ક્ષત્રિયોની નારાજગી પણ જોવા મળી રહી છે એટલે અહીં ક્ષત્રિયો, લઘુમતિ અને આદિવાસીઓનું જો એક તરફે મતદાન થાય તો પરિણામ બદલાઈ શકે તેમ છે.

# કપરાડા અને વાસંદામાં કોંગ્રેસને મળેલી લીડ વલસાડ સરભર કરી દેશે

**સાત** બેઠક પર સૌથી વધુ મતદાન કપરાડામાં ૭૯.૫૪ ટકા જ્યારે સૌથી ઓછુ ઉમરગામ બેઠક પર ૬૫.૧૨ ટકા નોંધાયું

**વર્ષ** ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં પણ કપરાડામાં જ સૌથી વધુ મતદાન નોંધાયુ હતું

**પુરૂષોની** તુલનાએ મહિલાઓએ જાગૃતતા દર્શાવી, જિલ્લાની ઉમરગામ બેઠક પર પુરૂષો કરતા મહિલાઓનું ૧.૭ ટકા વધુ મતદાન

### વલસાડ લોકસભાના આંકડા

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| ડાંગ | 69508 | 81.23 | 78.79 |
| વાંસદા | 107032 | 77.01 | 74.60 |
| ધરમપુર | 89859 | 78.96 | 78.35 |
| વલસાડ | 87571 | 70.63 | 69.29 |
| પારડી | 76450 | 70.56 | 65.59 |
| કપરાડા | 97517 | 83.19 | 79.54 |
| ઉમરગામ | 81812 | 66.78 | 65.12 |

### વલસાડ બેઠક




અનંત પટેલ | ધવલ પટેલ

માહિતી બ્યુરો: વલસાડ, તા ૮ મે ૨૦૨૪: ગુજરાતમાં ત્રીજા તબક્કાની ચૂંટણીમાં ૨૬- વલસાડ સંસદીય બેઠક પર જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી આયુષ ઓકના નેતૃત્વમાં તા. ૭ મેને મંગળવારે ૭૨.૭૧ ટકા મતદાન સાથે ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સપન્ન થઈ હતી. જો કે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીની તુલનાએ વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં ૨.૫૧ ટકા મતદાનમાં ઘટાડો નોંધાયો હતો.

લોકશાહીનો સૌથી મોટો પર્વ સમાન લોકસભાની સામાન્ય ચૂંટણી ગત તા. ૭ મે ૨૦૨૪ને મંગળવારે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે નિર્વિઘ્ને પૂર્ણ થતા સમગ્ર જિલ્લા ચૂંટણીએ રાહત અનુભવી છે. વલસાડ બેઠક પર ચૂંટણી લડનાર ૭ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થયું છે. જે તા. ૪ જૂનના રોજ વલસાડની એન્જિનિયરિંગ કોલેજ ખાતે મત ગણતરી હાથ ધરાશે. છેલ્લી ચાર લોકસભાની ચૂંટણીની વાત કરીએ તો, વર્ષ ૨૦૦૪માં વલસાડ જિલ્લાની પાંચ બેઠક પર ૫૨.૨૮ ટકા, ૨૦૦૯માં ૫૬.૧૧ ટકા, ૨૦૧૪માં ૭૪ ટકા અને ૨૦૧૯માં ૭૩.૯૩ ટકા મતદાન નોંધાયુ હતું. જ્યારે વર્ષ ૨૦૨૪માં જિલ્લાની પાંચ બેઠક પર ૭૧.૪૧ ટકા મતદાન થયું છે. વર્ષ ૨૦૧૯માં ૨૬- વલસાડ બેઠક પર ૭૫.૨૨ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે વર્ષ ૨૦૨૪માં ૭૨.૭૧ ટકા મતદાન થયું છે.

વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં ૨૬- વલસાડ લોકસભાની સાત બેઠક પર સૌથી વધુ મતદાન કપરાડા બેઠક પર ૭૯.૫૪ ટકા નોંધાયું છે. જ્યારે સૌથી ઓછુ મતદાન ઉમરગામ બેઠક પર ૬૫.૧૨ ટકા નોંધાયું છે. જ્યારે વર્ષ ૨૦૧૯ની લોકસભાની ચૂંટણીમાં જિલ્લાની પાંચ બેઠક પર સૌથી વધુ મતદાન કપરાડા બેઠક પર ૮૩.૧૯ ટકા નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછુ મતદાન પણ ઉમરગામ બેઠક પર ૬૬.૭૮ ટકા નોંધાયું હતું. વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં પણ આ જ સિનારીયો જોવા મળ્યો હતો. ત્યારે પણ સૌથી વધુ મતદાન કપરાડા બેઠક પર ૮૦.૫૮ ટકા અને સૌથી ઓછુ મતદાન ઉમરગામ બેઠક પર ૬૭.૨૨ ટકા નોંધાયું હતું. દક્ષિણ ગુજરાતની વિધાનસભાની છેલ્લી ચૂંટણીમાં કોંગ્રેસે માત્ર એક જ બેઠક મેળવી હતી અને તે હતી વાંસદાની બેઠક. આ બેઠક ઉપર અહીંના અનંત પટેલ વિજેતા થયા હતાં. આદિવાસી વિસ્તારમાં તેમની લોકપ્રિયતા આંખે ઉડીને વળગે તેવી છે કારણ કે, તેઓ અનેક આંદોલનમાં સતત સક્રિય રહ્યાં છે. ભરૂચથી લઈને ઉમરગામ સુધીની વાત કરીએ અહીં ડેડિયાપાડાની એક માત્ર બેઠક આપ પાસે અને બીજી વાંસદાની કોંગ્રેસ પાસે આ સિવાય તમામ બેઠક ભાજપના ખાતામાં ગઈ હતી. આ બેઠક પર અનંત પટેલ જાણીતા ચહેરા હતા અને તેમની સામે ભાજપે ઉતારેલા ધવલ પટેલ પણ મૂળ વાંસદાના છે. જો કે, તેઓ વલસાડમાં જાણીતો ચહેરો નથી. વલસાડની વિધાનસભાની બેઠકની વાત કરીએ તો અહીં વલસાડ, પારડી અને ઉમરગામના મતદારો હંમેશા ભાજપ સાથે જ રહે છે પછી ઉમેદવાર કોઈ પણ હોય. આ ત્રણેય વિધાનસભા બેઠક ઉપર ભાજપના કમિટેડ મતદારો છે. વલસાડ વિધાનસભા બેઠક પર ગઈ ચૂંટણી કરતાં માત્ર 1 ટકા જેટલું મતદાન ઘટ્યું છે. જ્યારે ઉમરગામમાં પણ માત્ર દોઢ ટકા જેટલું મતદાન ઘટ્યું છે. જ્યારે પારડીમાં 5 ટકા જેટલું મતદાન ઘટ્યું છે પરંતુ તેના કારણે ભાજપને કોઈ મોટુ નુકસાન થાય તેમ નથી. વાંસદા, કપરાડામાં કોંગ્રેસ તરફી ઝોક જોવા મળે છે પરંતુ આ બંને બેઠક પર પણ પણ મતદાનમાં કોઈ મોટો ઘટાડો નોંધાયો નથી. બીજી તરફ ડાંગમાં મતદાનમાં 3 ટકાનો ઘટાડો નોંધાયો છે જ્યારે વાંસદામાં તો ગઈ ચૂંટણી જેટલું જ મતદાન થયું છે. એટલે કપરાડા અને વાંસદામાં કોંગ્રેસના જેટલા મત વધશે તેટલા વલસાડ ઉમરગામ અને પારડીમાં સરભર થઈ જશે જ્યારે કપરડા અને ડાંગના મતો કોના તરફ પડ્યાં છે તેના પર પરિણામનો મદાર રહેશે.

વલસાડ બેઠક પર ક્ષત્રિયોની સમીકરણ ચાલી શકે તેમ નથી કેમ કે, પારડી, વલસાડ અને ઉમરગામમાં આ સમાજની વસ્તી ખૂબ જ ઓછી છે. લોકસભા કે ધારાસભાની વાત તો દૂર રહી પરંતુ જિલ્લા પંચાયત કે, તાલુકા પંચાયતમાં પણ તેમની અસર પડે તેમ નથી. વાંસદા અને ધરપુર તરફ આ સમાજની સંખ્યા છે પરંતુ તેઓ ભાજપને વોટ નહીં જ આપે તેવી કોઈ જાહેરાત આ સમાજ તરફથી સત્તાવાર રીતે કરવામાં આવી નથી અલબત તેમણે આ મુદ્દાથી અલિપ્ત રહેવાનું પસંદ કર્યું છે. જો કે સૌથી મોટો મદાર ડાંગ અને કપરડાના પટ્ટા ઉપર રહેશે કારણ કે અહીંના આદિવાસીઓમાં પણ અનંત પટેલની લોકપ્રિયતા વધારે છે ખાસ કરીને પાર લિંક યોજનામાં તેમણે જે ભૂમિકા ભજવી હતી તે ખરેખર વિરોધપક્ષ જેવી જ હતી.

# અમરેલી અને જામનગર પર પણ નજર

### અમરેલી લોકસભાના આંકડા

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| અમરેલી | 117998 | 51.67 | 37.75 |
| લાઠી | 150636 | 55.15 | 38.15 |
| સાવરકુંડલા | 118270 | 55.29 | 35.05 |
| રાજુલા | 127737 | 52.57 | 40.19 |
| મહુવા | 144793 | 56.96 | 43.68 |
| ગારીયાધાર | 139162 | 63.63 | 35.12 |
| ધારી | 108923 | 52.08 | 33.46 |

### લોકસભાના આંકડા જામનગર

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| જામનગર ગ્રા. | 150843 | 65.13 | 45.06 |
| જામનગર ઉ. | 146147 | 63.63 | 44.87 |
| જામનગર દ. | 135317 | 63.11 | 43.67 |
| જામજોધપુર | 127154 | 59.76 | 42.03 |
| ખંભાળીયા | 163555 | 59.19 | 40.15 |
| દ્વારકા | 151923 | 56.10 | 38.22 |
| કાલાવડ | 129843 | 58.90 | 44.00 |

# આણંદમાં ખામ થીયરી અને ક્ષત્રિય આંદોલનનો મતદારો પર પ્રભાવ વધ્યો હોવાનો અણસાર

**લોકસભા** વર્ષ 2019 અને 2024 ની ચૂંટણી વચ્ચે રાજકીય સ્થિતિ અને મતદારોનો ઝોક બદલાયો હોય તેવો માહોલ

**અંકલાવ** અને ખંભાત વિધાનસભા બેઠક હાલ કોંગ્રેસ પાસે છે તેમાં પણ મતદાન ઘટ્યું છે.

**ભાજપે** સૌથી વધુ લીડ મેળવી હતી તે આણંદ શહેરમાં પણ મતદાનમાં 15 ટકાનો ઘટાડો

### આણંદ લોકસભાના આંકડા

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| ખંભાત | 147060 | 66.84 | 49.83 |
| બોરસદ | 156589 | 64.08 | 52.27 |
| અંકલાવ | 149622 | 70.97 | 56.73 |
| ઉમરેઠ | 167100 | 65.27 | 51.73 |
| આણંદ | 191456 | 65.15 | 50.51 |
| પેટલાદ | 154088 | 68.84 | 54.99 |
| સોજીત્રા | 139792 | 67.72 | 52.25 |

### આણંદ બેઠક




મિતેષ પટેલ | અમિત ચાવડા

(પ્રતિનિધિ) આણંદ તા.૮

આણંદમાં લોકસભા ચૂંટણીનુ મતદાન પૂર્ણ થયા બાદ હવે પરિણામના અંદાજ માટેનુ કાઉન્ટ ડાઉન શરૂ થઇ ગયું છે. લોકસભાની ચૂંટણી અગાઉ જ આણંદ બેઠક માટે વર્તમાન સાંસદ મિતેષભાઇ પટેલની નો રિપિટ થીયરીમાંથી બાદબાકી કરીને ભાજપે પુનઃ ટીકીટ આપી હતી. તો કોંગ્રેસ દ્વારા ઘણા બધા ચિંતન બાદ ચુંટણી જાહેરનામું પ્રસિદ્ધ થયા બાદ અમીતભાઇ ચાવડાના નામની જાહેરાત કરવામાં આવી હતી. જોકે અમીતભાઇ ચાવડાનું નામ જાહેર થતાં સમગ્ર જીલ્લામાં કોંગ્રેસ પક્ષના કાર્યકરોમાં જાણે નવ સંચાર થયો હોય તેવો માહોલ જોવા મળ્યો હતો.

અમીતભાઇ ચાવડા જીલ્લામાં સૌથી વધુ વખત ધારાસભ્ય તરીકે પ્રતિનિધિત્વ કરવાનુ જમા પાસું ધરાવતા કોંગ્રેસના આણંદ લોકસભાના ઉમેદવાર તરીકે ઝંઝાવાતી પ્રચાર સાથે સમગ્ર જીલ્લામાં મોટાભાગના વિસ્તારોમાં વધુમાં લોકસંપર્ક થાય તે માટે પ્રથમ દિવસથી જ સક્રિય બનેલ છે. વર્તમાન ચૂંટણીમાં કોંગ્રેસની પ્રચલિત ખામ થીયરીને અસરકારક રીતે અમલમાં લાવવામાં આવી હતી તેમજ આડકતરી રીતે ક્ષત્રિય આંદોલનનો પણ મહદઅંશે અસર જણાઇ આવી છે. આવા માહોલમાં મતદાન દિવસે ભાજપના પ્રતિનિધિઓ ધરાવતા વિસ્તારોમાં પણ કોંગ્રેસ તરફી વધુ મતદાન થયું હોવાનું રાજકીય વિશ્લેષકોના મતાનુસાર જણાઇ રહ્યું છે.

ભાજપના ઉમેદવાર મિતેશભાઇ પટેલના પૂરજોશમાં ચાલતા પ્રચાર અભિયાનને રાજકોટ લોકસભાના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાના નિવેદનથી વિવાદ બાદ મહંદઅંશે બ્રેક લાગી ગઇ હતી. લોકસભાના ગણ્યા ગાંઠ્યા વિસ્તારમાં જ અસરકારક લોકસંપર્ક અને પ્રચાર સભાઓ કરી શકાઇ હતી.જેના કારણે ગત ચુંટણીમાં ભાજપ માટે સર્જાયેલ માહોલને જાળવી રાખવામાં મુશ્કેલી સ્થિતિ સમગ્ર જીલ્લામાં જોવા મળી હતી. રાજકીય વિશ્લેષકોના મતાનુસાર આણંદ લોકસભા બેઠકના ઉમેદવારો મામલે મતદારોનો ઝોક બદલાયો હોવાનું સ્પષ્ટ થયું છે છતાં પણ આ બાબતે ચુંટણી પરિણામો જ દર્શાવશે કે આણંદ બેઠકમાં કોંગ્રેસની ખામ થીયરી કેટલી સફળ થાય છે. અને ભાજપની રિપિટ થીયરીને કારણે સ્થાનિક નેતાઓની નારાજગી અને ક્ષત્રિય આંદોલનની અસર કોંગ્રેસના ઉમેદવારને કેટલો ફાયદો કરાવી શકશે. આણંદની વાત કરીએ તો અહીં ખંભાત, બોરસદ, અંકલાવ, ઉમરેઠ, આણંદ, પેટલાદ અને સોજીત્રા આમ કુલ સાત વિધાનસભા બેઠક આવે છે જેમાંથી અંકલાવ અને ખંભાત કોંગ્રેસ પાસે છે જો કે કોંગ્રેસે આ બંને બેઠક ઉપર કોંગ્રેસે ઓછી સરસાઇથી વિજય મેળવ્યો હતો. ખંભાત બેઠક માત્ર 3711 જ્યારે અંકલાવ બેઠક 2729 મતોથી જ જીતી હતી તો બીજી તરફ ભાજપે જે પાંચ બેઠક મેળવી છે તેમાં આણંદ શહેરને બાદ કરતાં અહીં તમામ બેઠક પર બંને પક્ષે ખૂબ જ પાતળી સરસાઇથી વિજય મેળવ્યો છે આમ અહીં કંઇ પણ થઇ શકે તેમ છે. ગઇ ચૂંટણીની વાત કરીએ તો અંકલાવ બેઠક જે કોંગ્રેસ પાસે છે તેમાં મતદાનમાં 12 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે જ્યારે ખંભાતમાં મતદાનમાં 17 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે ગઇ લોકસભાની ચૂંટણીમાં અહીં 66.84 ટકા મતદાન નોંધાયું હતું તો આ વખતે 49.83 ટકા જ મતદાન નોંધાયું છે. અહીં ક્ષત્રિયોની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં છે અને તેઓ અત્યાર સુધી ભાજપની સાથે રહ્યાં હતા પરંતુ આ વખતે તેઓ મતદાનથી અળગા રહ્યાં હોય તેવું આ બેઠકના આંકડા પરથી લાગી રહ્યું છે. જો કે અહીંની દરેક વિધાનસભા બેઠક ઉપર 15 ટકા જેટલું મતદાન ઘટ્યું છે જેનો ફાયદો ભાજપને થશે કે કોંગ્રેસને તેના ઉપર પણસૌની નજર છે.

# બનાસકાંઠામાં 69.62 ટકા મતદાનથી ભાજપ અને કોંગ્રેસની નેતાગીરીનો જીવ અદ્ધર થઈ ગયો

**કોનો** વિજય થશે , ભાજપ - કોંગ્રેસના વિજયના દાવા

**ભાજપે** જે ડીસા બેઠક પરથી 42 હજાર મતની સરસાઇ મેળવી હતી ત્યાં મતદાનમાં 15 ટકા ઘટાડો નોંધાયો છે.

### બનાસકાંઠા લોકસભાના આંકડા

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| વાવ | 168755 | 63.01 | 57.82 |
| થરાદ | 154527 | 70.98 | 61.04 |
| ધાનેરા | 147610 | 61.76 | 55.55 |
| દાતા | 158614 | 69.68 | 59.04 |
| પાલનપુર | 160306 | 61.58 | 52.73 |
| ડીસા | 162989 | 62.53 | 47.61 |
| દીયોદર | 144169 | 64.66 | 57.57 |

### બનાસકાંઠા બેઠક




રેખાબેન ચૌધરી | ગેનીબેન ઠાકોર

ગાંધીનગર,તા.8: બનાસકાંઠા લોકસભા બેઠક પર આજે કેન્દ્રિય ચૂંટણી પંચ દ્વારા જારી કારયેલા મતાદનના આંકડાઓ મુજબ , બનાસકાંઠા લોકસભા બેઠક પર મતદાન 69.62 ટકા એટલે લગભગ 70 ટકાની આસપાસ મતદાન થયુ છે, જેના પગલે ભાજપ અને કોંગ્રેસની નેતાગીરીનો જીવ અદ્ધર થઈ ગયો છે.

2022ની વિધાનસભાની ચૂંટમીમાં વાવ બેઠક પર કોંગ્રેસના ગેનીબેન ઠાકોરનો 15,601 મતોથી વિજય થયો હતો. જ્યારે થરાદ બેઠક પર ભાજપના શંકર ચૌધરીનો 26,506 મતોથી વિજય થયો હતો. ધાનેરા બેઠક પર અપક્ષ ઉમેદવાર માવજીભાઈ દેસાઈનો 35696 મતોથી વિજય થયો હતો. આદિવાસી મતાદરોનો પ્રભાવ ધરાવતી દાંતા બેઠક પર કોંગ્રેસના કાંન્તિભાઈ ખરાડીનો 6327 મતોથી વિજય થયો હતો.પાલનપુર બેઠક પર ભાજપના અંકિત ઠાકરનો 26,980 મતોથી વિજય થયો હતો. ડીસા બેઠક પર ભાજપના પ્રવીણકુમાર ગોરધનજી માળીને 42,647 મતોથી વિજય થયો હતો. જ્યારે દિયોદર બેઠક પર ભાજપના કેશાજી ચૌહાણનો 38414 મતોથી વિજય થયો હતો. આમ , સાત વિધાનસભા બેઠકોમાંથી બે કોંગીને અને એક બેઠક અપક્ષને તથા ચાર બેઠકો ભાજપને મળી હતી.

જો કે 2024ની લોકસભાની ચૂંટણીમાં આ વખતે બનાસકાંઠા બેઠક પર કાંઈક રાજકિય નવાજુનીના એંધાણ વર્તાઈ રહયા છે. બનાસકાંઠા બેઠક પર કટોકટ જંગ જોવા મળી રહ્યો છે. જો કે, વાવ વિધાનસભા બેઠક ઉપર 2022ની ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરનો વિજય થયો હતો. તેઓ 15, 501 મતની સરસાઈથી જીતી ગયા હતાં જો કે અહીં ગઇ લોકસભાની ચૂંટણીમાં 63.01 ટકા મતદાન નોંધાયું હતું તે ઘટીને આ ચૂંટણીમાં 57.82 ટકા નોંધાયું છે એમ ગેનીબેનની હોમ પીચમાં જ પાંચ ટકા જેટલું ઓછુ મતદાન થયું છે તો દાંતામાં 6277 મતથી કોંગ્રેસે વિજય મેળવ્યો હતો અહીં ગત લોકસભાની ચૂંટણી કરતાં 10 ટકા ઓછુ મતદાન નોંધાયું છે. જો કે આ ઓછુ મતદાન કોંગ્રસની તરફેણમાં જાય તેવું તજજ્ઞો માની રહ્યાં છે જ્યારે ડીસા વિધાનસભામાં ભાજપે 42 હજાર ઉપરાંત મતની લીડ લીધી હતી. અહીં પણ આશ્ચર્યજનક રીતે ગત લોકસભાની ચૂંટણી કરતાં 15 ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. જો આ બેઠક સરભર થતે તો ભાજપ સડસડાટ નીકળી જતે પરંતુ અહીં મતદાનમાં ઘટાડો નોંધાયો છે.

# સાબરકાંઠામાં વિવાદ ખેડબ્રહ્મામાં સૌથી વધુ મતદાન

ગુજરાતમાં લોકસભાની ચૂંટણી હોય તો સાબરકાંઠા બેઠક કોઈ ખાસ વિવાદના કારણે ચર્ચામાં આવી હોય એમ નહોતું. પરંતુ આ ચૂંટણીમાં તો સાબરકાંઠામાં ઉકળેલા ચરુ જેવી સ્થિતિએ દિલ્હી સુધી નેતાઓને દોડતા કર્યા. હાલ એવી થઈ કે ભાજપે ઉમેદવાર બદલી કાઢવા પડ્યા હતાં. આ તમામ વિરોધ વચ્ચે અહીં આવેલી હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, ભીલોડા, મોડાસા, બાયડ અને પ્રાંતીજ સહિત તમામ વિધાનસભામાં 15 ટકાથી ઓછું મતદાન નોંધાયું છે.

અગાઉ ભાજપે ભીખાજી ઠાકોરને ઉમેદવાર જાહેર કર્યા હતા, પરંતુ તેમની અટક અંગે વિવાદ થતાં ભાજપે ઉમેદવાર બદલવા પડ્યા. ભાજપે શિક્ષિકા રહેલાં અને પૂર્વ ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયાનાં પત્ની શોભનાબેનને ટિકિટ આપી. ભીખાજી ઠાકોરના સમર્થકો નારાજ થયા. સાબરકાંઠાના વિવિધ વિસ્તારોમાં ભીખાજીના સમર્થકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખુદ પાટીલે બેઠકો કરીને વિવાદ થાળે પાડવો પડ્યો હતો.

કોંગ્રેસે ખેડબ્રહ્માના ધારાસભ્ય, પૂર્વ કેન્દ્રીય મંત્રી અને ભૂતપૂર્વ મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીના દીકરા તુષાર ચૌધરીને મેદાનમાં ઉતાર્યા છે. સાબરકાંઠા લોકસભા બેઠક પર છેલ્લી 13 ચૂંટણીમાંથી 10 ચૂંટણીમાં કોંગ્રેસનો દબદબો રહ્યો હતો, પણ છેલ્લી ત્રણ ટર્મથી અહીં ભાજપ જીતતો આવ્યો છે. ગઈ ચૂંટણીમાં ભાજપના દીપસિંહ રાઠોડે કોંગ્રેસના રાજેન્દ્રસિંહ ઠાકોરને 2.68 લાખ મતથી હરાવ્યા હતા.

સાબરકાંઠામાં શરૂઆતના બે કલાકમાં જ 11.43 ટકા મતદાન થયું હતું. એમાં પણ કદાચ તુષાર ચૌધરીનું ધારાસભ્ય ફેક્ટર અસર કર્યું હોઈ શકે. એટલે જ તેઓ ધારાસભ્ય છે એ ખેડબ્રહ્મા બેઠક પર સૌથી વધુ 70.73 ટકા જેટલું મતદાન થયું.

### સાબરકાંઠા લોકસભાના આંકડા

| વિધાનસભા | મતદાર | 2019 | 2024 |
|---|---|---|---|
| હિંમતનગર | 181880 | 69.61 | 51.53 |
| ઈડર | 187114 | 69.56 | 52.58 |
| ખેડબ્રહ્મા | 176779 | 71.72 | 58.26 |
| ભીલોડા | 183746 | 63.44 | 47.78 |
| મોડાસા | 168669 | 65.93 | 47.08 |
| બાયડ | 147926 | 64.01 | 45.32 |
| પ્રાંતીજ | 162054 | 66.47 | 48.78 |